પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૧૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન મોદીની સુરક્ષામાં મોટી ચુક : પંજાબના ફિરોઝપુરમાં થનારી રેલી રદ

ચંડીગઢ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબના ફિરોઝપુરમાં થનારી રેલી રદ થઈ ગઈ છે. પહેલા ખરાબ હમામાનના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો, પરંતુ હવે તેના પાછળ સુરક્ષા કારણોનો હવાલો આપવામાં આવી રહ્યો છે. પીએમ મોદી દિલ્હી પરત ફરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંબંધમાં પંજાબ સરકાર પાસેથી રિપોર્ટ મંગાવ્યો છે. ભાજપે પંજાબના મુખ્યમંત્રીનું રાજીનામું માંગ્યું છે. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદા રદ થયા પછી પીએમ મોદીનો આ



પહેલો પંજાબ પ્રવાસ હતો, જ્યારે તેઓ લોકોને સંબોધિત કરતા. આ રેલીમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ પણ સામેલ થવાના હતા.

ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પીએમ સવારે ભટિંડા પહોંચ્યા હતા. ત્યારબાદ ત્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક જવાના હતા. પરંતુ વરસાદ અને ઓછી વિઝિબિલિટીના કારણે પીએમને પહેલા ૨૦ મિનિટ રાહ જોવી પડી હતી. પછી આકાશ ચોખ્ખું ન હતું તે જોઈને તેમણે ત્યાં રોડ માર્ગે જવાનું નક્કી કર્યુ. લગભગ ૨ કલાક જેટલો સમય લાગવાનો હતો. પંજાબ પોલીસના ડીજીપીને આ અંગે જાણ કરતાં જરૂરી સુરક્ષા વ્યવસ્થાની સંમતિ લેવામાં આવી હતી.

વધુમાં જણાવવામાં આવ્યું કે જ્યારે કાફલો રાષ્ટ્રીય શહિદ સ્મારકથી ૩૦ કિલોમીટર દૂર હતા, ત્યારે રસ્તામાં એક ફલાયઓવર આવ્યો. ત્યા રસ્તાને પ્રદર્શનકારી દ્વારા જામ કરવામાં આવ્યું હતું. એ ફલાયઓવર પર પીએમ મોદીનો કાફલો ૧૫-૨૦ મિનિટ સુધી ફસાયો. તેને ગૃહમંત્રાલયે પીએમની સુરક્ષામાં મોટી ચૂક ગણાવી.

અશ્વિની શર્માએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંજાબ જઈ ત્યાની જનતાને પેકેજ (યોજનાઓની જાહેરાત) આપવા માંગતા હતા. પરંતુ તેમને ના કરવા દીધા. તેમને કાર્યક્રમ સ્થળે પહોંચવા ના દેવામાં આવ્યા. પીએમ મોદીને સુરક્ષા આપવામાં ના આવી. સીએમ ચન્નીને રાજીનામું આપવું જોઈએ.

પંજાબના ફિરોઝપુરમાં રેલી રદ થવા પર કોન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે ઘણા કારણોથી વડાપ્રધાન મોદી અમારી ઉપસ્થિત ન રહી શક્યા, પરંતુ વડાપ્રધાને જણાવ્યું કે અમે આ કાર્યક્રમ રદ નથી કરી રહ્યા મોકૂફ કરી રહ્યા છીએ.ગૃહ મંત્રાલય તરફથી આ અંગે નિવેદન આપવામાં આવ્યું છે અને પંજાબ સરકાર પાસે જવાબ પણ માગવામાં આવ્યો છે ભાજપે આ મામલે મુખ્યમંત્રી ચન્ની પાસે રાજીનામું પણ માગ્યું છે. ઘટનાની ગંભીરતા વ્યક્ત કરતા ભટિંડા એરપોર્ટ પર મોદીએ અધિકારીઓને કહ્યું- હું એરપોર્ટ સુધી જીવતો પહોંચી શક્યો, તે માટે તમારા મુખ્યમંત્રીને થેક્સ કહેજો.ગૃહ મંત્રાલય તરફથી આ અંગે નિવેદન બહાર પાડવામાં આવ્યું છે અને એમાં લખવામાં આવ્યું છે કે પીએમ સવારે બઠિંડા પહોંચ્યા હતા. પછી તેમને ત્યાંથી હેલિકોપ્ટરથી હુસૈનીવાલમાં રાષ્ટ્રીય શહીદ સ્મારક જવાનું હતું. જોકે વરસાદ અને ઓછી વિઝિબિલિટીને કારણે પહેલા પીએમને ૨૦ મિનિટની રાહ જોવા પડી હતી. પછીથી તેમણે આકાશ સાફ ન દેખાતાં રોડ માર્ગે જવાનો નિર્ણય કર્યો હતો, એમાં લગભગ ૨ કલાકનો સમય લાગવાનો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પંજાબના ફિરોઝપુરના પ્રવાસે હતા. આ દરમિયાન રાજ્યમાં ૪૨,૭૫૦ કરોડ રૂપિયાની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો શિલાન્યાસ કરવાના હતા. પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં પીએમ મોદીનો આ પ્રવાસ ખૂબ જ મહત્ત્વનો ગણવામાં આવતો હતો. કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ કાયદાઓને પરત લીધા પછી વડાપ્રધાનનો આ પંજાબનો પ્રથમ પ્રવાસ હતો. દિલ્હીમાં કૃષિ કાયદાઓની વિરુદ્ધના આંદોલનમાં મોટા ભાગના ખેડૂતો પંજાબના હતા.

## રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન કલેકશનમાં ૬૨ ટકાનો વધારો

ગાંધીનગર,

પરાજય અને દેશમાં હાલ કોરોનાની ત્રીજી લહેર આવવાની આશંકા સેવાઈ રહી છે, ત્યારે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાંઆનંદદાયક સમાચાર છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં સ્ટેમ્પ ડ્યુટી અનેમિલકતની નોંધણીમાંથી સરકારની આવકમાં ૬૨ ટકાનો વધારો થયો છે. આ સાથે સાથે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ આ વર્ષે એપ્રિલથી ડિસેમ્બર વચ્ચે નોંધાયેલી મિલકતોની સંખ્યામાં ૩૪ ટકાનો ઉછાળો નોંધાયો છે.

સ્ટેમ્પ ડ્યુટી અને પ્રોપર્ટી રજિસ્ટ્રેશનમાંથી સરકારની આવક ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં રૂપિયા ૭,૪૯૯ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂપિયા ૪,૬૨૪ કરોડથી ૬૨ ટકા વધુ છે. તેવી જ રીતે ૨૦૨૦-૨૧ વર્ષના એપ્રિલ-ડિસેમ્બર સમયગાળામાં મિલકતની નોંધણીની સંખ્યા ૭,૪૪,૫૦૦ હતી. આ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ૩૪ ટકા વધીને ૯,૯૫,૮૦૯ પર પહોંચી ગયા છે. રજિસ્ટ્રેશનની સંખ્યામાં વધારો અને સ્ટેમ્પ ડ્યુટી અને મિલકતોના રજિસ્ટ્રેશનમાંથી સરકારની આવક બંનેમાં જોરદાર વધારો એ ગુજરાતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ઉછાળો દર્શાવે છે, જે માત્ર વિશાળ રોજગાર જ પ્રદાન કરતું નથી, પરંતુ આર્થિક પ્રવૃત્તિને પણ વેગ આપે છે. અમદાવાદમાં માત્ર બે દિવસમાં માસ્ક વિનાના ૧૮૫૦ લોકો પકડાયા, ૧૮ લાખ દંડ વસૂલાયો ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે ત્રિમાસિક લહેરનો સામનો કર્યો, ત્યારે પણ રિયલ એસ્ટેટ ક્ષેત્રની આ પ્રભાવશાળી રેલી આવી છે.

રાજ્યના મહેસૂલ વિભાગના મુખ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦૨૦-૨૧ નાણાકીય વર્ષમાં લોકડાઉન અને અન્ય નિયંત્રણોને કારણે થયેલા નુકસાન ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં નોંધપાત્ર રીતે ઉલટાવી દેવામાં આવ્યું છે. સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશનથી સરકારની આવકમાં સ્પષ્ટપણે વધારો થયો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, સ્ટેમ્પ ડ્યુટીથી આવકમાં ૬૨ ટકા અને નોંધાયેલ મિલકતોની સંખ્યામાં ૩૪ ટકાનો વધારો અસાધારણ છે. ગયા વર્ષે (૨૦૨૦-૨૧) અમારી પાસે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીના બજેટ અંદાજોમાં એકંદરે આવક અંદાજ ખામી હતી. આ વર્ષે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશનમાંથી રૂપિયા ૧૧,૦૦૦ કરોડ એકત્ર કરવાના અંદાજ સામે, અમે પહેલેથી જ ૬૮ ટકા એકત્ર કરી લીધું છે અને અમે વર્ષના અંત સુધીમાં લક્ષ્ય સુધી પહોંચવાની અપેક્ષા રાખીએ છીએ.

## ચીનને ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો, ગલવાન ઘાટીમાં ફરકાવ્યો તિરંગો

નવીદિલ્હી,

ભારતીય સેનાએ નવા વર્ષના પ્રસંગે લદ્દાખની ગલવાન ઘાટીમાં તિરંગો ફરકાવ્યો છે. સુરક્ષા એજન્સીઓના સૂત્રોના મતે ભારતીય સેનાના જવાનોએ નવા વર્ષની પૂર્વ સંધ્યા પર ગલવાનમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. સેનાએ આ પગલું એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે મીડિયાના કેટલાક રિપોર્ટમાં એવો દાવો કરાવ્યો હતો કે ચીને સૈનિકોએ થોડા દિવસો પહેલા આ ક્ષેત્રમાં પોતાનો ઝંડો લહેરાવ્યો હતો. કેટલાક દિવસો પહેલા ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે ચીને ભારતના પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ૧૫ સ્થાનોની ચીની અક્ષરો, તિબ્બતી અને રોમન વર્ણમાલાના નામની જાહેરાત કરી હતી. ચીન અરુણાચલ પ્રદેશના દક્ષિણ તિબેટ હોવાનો દાવો કરે છે.



ભારતે ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના ૧૫ સ્થાનોના નામ બદલવાના પગલાને સ્પષ્ટ રુપથી ફગાવી દીધું હતું અને સ્પષ્ટ કહ્યું હતું કે આ રાજ્ય હંમેશા ભારતનું અભિન્ન અંગ રહ્યું છે અને હંમેશા રહેશે. નામો બદલાવવાથી આ તથ્ય બદલાશે નહીં. ભારત અને ચીનની સરહદ ૩૪૮૮ કિલોમીટર લાંબી વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) શેર કરે છે જેને લઈને બન્ને વચ્ચે વિવાદ છે.

ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના કેટલાક સ્થાનોના નામ પોતાની ભાષામાં ફેરફાર કરવાના રિપોર્ટ પર મીડિયાના એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે ચીને એપ્રિલ ૨૦૧૭માં પણ આવા નામ બદલવાનો પ્રયત્ન કર્યો હતો.પૂર્વી લદ્દાખમાં ૨૦ મહિનાથી વધારે સમયથી ચાલી રહેલા સૈન્ય ગતિરોધ વચ્ચે ચીને લદ્દાખમાં ભારતીય ક્ષેત્રની સામે લગભગ ૬૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર પોતાની સેનાની ઝડપથી અવરજવરમાં મદદ કરવા માટે પોતાના બુનિયાદી સ્ટ્રકચરનું નિર્માણ યથાવત્ રાખ્યું છે. ગરમીઓના મોસમમાં ચીની સૈનિકોની સંખ્યા ઘણી વધી ગઈ હતી કારણ કે તે ગરમીઓમાં પ્રશિક્ષણ માટે મોટી સંખ્યામાં સૈનિકોને સરહદ પર લાવ્યા હતા. તે હવે પોતાના સ્થાને પરત ફર્યા છે. જોકે તે હજુ પણ લદ્દાખના વિપરિત ક્ષેત્રોમાં લગભગ ૬૦,૦૦૦ સૈનિકો યથાવત્ છે. સરકારી સૂત્રોએ સમાચાર એજન્સી એએનઆઈને આ જાણકારી આપી છે.

ચીન તરફથી ખતરાની સંભાવના બનેલી છે. કારણ કે તેમણે એલએસીની પાર બુનિયાદી સ્ટ્રકચરનું નિર્માણ યથાવત્ રાખેલું છે. દૌલત બેગ ઓલ્ડી ક્ષેત્રની સામે અને પેંગોંગ ઝીલ ક્ષેત્ર પાસે નવા રસ્તા બનાવવામાં આવી રહ્યા છે. સૂત્રોએ કહ્યું કે ભારતે પણ ચીન તરફથી કોઈ પણ સંભવતિ દુસ્સાહસને સુનિશ્ચિત કરવા માટે ઘણા મજબૂત પગલાં ભર્યા છે.

## નવી શિક્ષણ નીતિનો ઝડપથી અમલ કરવા ગુજરાત કટિબદ્ધ : મુખ્યમંત્રી

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી અને રાજ્ય મંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં સાયન્સ સીટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમીક ઈન્સ્ટીટ્યુસન્સ ના ઉદઘાટન પ્રસંગે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસીનું અનાવરણ કર્યું છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી. આ પોલીસીનો સમયગાળો તા. ૧૦-૦૧-૨૦૨૨ના રોજ પૂર્ણ થાય છે, જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસીને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી, ૨૦૨૨ થી માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં મુકવામાં આવી છે.



આ પ્રસંગે પોતાના સંબોધનમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, " પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ શિક્ષણ સુધારા અંગે પહેલ કરી છે, નવી શિક્ષણ નીતિ આત્મનિર્ભર ભારત માટે ઉપયોગી સાબિત થશે. નવી પોલિસીના પાસાઓ ઉપર મંથન કરવા વિદેશમાંથી પણ નિષ્ણાંતો આવ્યા છે. આગામી સમયમાં વાયબ્રન્ટ સમિટ યોજવા જઈ રહી છે. આ પણ એક પ્રકારે શિક્ષણ વાયબ્રન્ટ સમિટ જ છે"

આ ઉપરાંત સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે " ડિજિટલ ઉપર ભાર મૂકી ગુડ ગવર્નન્સ મળી રહેશે. ૨૦૨૬માં ભારત વિશ્વનો સૌથી યુવા દેશ બનશે. ગુજરાત રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ માટે પ્રોત્સાહન આપનાર રાજ્ય રહ્યું છે. ગયા વર્ષે ૩૨ હજાર કરોડનું બજેટ શિક્ષણ માટે ગુજરાતે ફાળવ્યું છે."

આ સાથે જ સીએમ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, "આજે ગુજરાતમાં ૯૧થી વધુ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને ઘર આંગણે જ્ઞાન આપી રહી છે. ૨૦૧૫થી ગુજરાતમાં મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અમલમાં છે. શિક્ષણ કંકરમાથી શંકર બનાવે છે. નવી શિક્ષણ નીતિનો ઝડપથી અમલ કરવા ગુજરાત કટિબદ્ધ છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધનને બળ મળશે. સમરસ સમાજનું નિર્માણ થાય તે જ યોગ્ય છે.શિક્ષણ થકી જ ચરિત્રનું ઘડતર થાય છે. આ સમિટથી સમાજ નિર્માણ અને ચરિત્ર ઘડતર પણ થશે.

## તમિલનાડુમાં રવિવારે લોકડાઉન : દિલ્હી અને કર્ણાટક પણ વિકએન્ડ લોકડાઉન આપી ચૂક્યા છે

ચેન્નાઈ,

તમિલનાડુના હેલ્થ મિનિસ્ટર સુબ્રમણ્યમે રાજ્યમાં રવિવારે સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે શનિવારે રાજ્યમાં મેગા-કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પ યોજવામાં આવશે.તમિલનાડુમાં મંગળવારે કોરોનાના નવા ૨૭૩૧ કેસો નોંધાયા છે, અને ૯ દર્દીઓના મોત નિપજ્યાં છે. અત્યાર સુધી રાજ્યમાં ૨૭ લાખ ૫૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. તેમાંથી ૨૭ લાખ ૬ હજાર લોકો સાજા થઈ ગયા છે, જ્યારે ૩૬,૮૦૫ લોકોના મોત થયા છે. હાલ તમિલનાડુમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૧૨,૪૧૨ છે.

દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે રાજધાનીમાં કોરોનાની ત્રીજી લહેર આવી ગઈ છે. અહીં કોવિડ વોર રૂમને સક્રિય કરવામાં આવ્યો છે. તેમાં, એક્ટિવ દર્દીઓ, બેડ અને ઓક્સિજન વિશે હોસ્પિટલ મુજબનો ડેટા રાખવામાં આવશે. તમામ કોવિડ સેમ્પલની જીનોમ સિકવન્સિંગ શક્ય નથી તેથી હાલમાં માત્ર ૩૦૦-૪૦૦ સેમ્પલની જ સિકવન્સિંગ કરવામાં આવી રહી છે.

સ્વાસ્થ્ય મંત્રીને બુધવારે રાજધાનીમાં લગભગ ૧૦,૦૦૦ નવા સંક્રમિત મળવાની આશંકા છે.

## અમેરિકામાં એક દિવસમાં રેકૉર્ડ ૧૦ લાખથી વધુ કોરોના કેસ

વૉશિંગ્ટન,

અમેરિકામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. રોજ જે રીતે લાખો કેસ સામે આવી રહ્યા છે તેણે લોકોની ચિંતા વધારી દીધી છે. સોમવારે અમેરિકામાં સર્વાધિક કોરોના કેસ સામે આવ્યા છે કે જે એક વિશ્વ રેકૉર્ડ પણ છે. રિપોર્ટ મુજબ અમેરિકામાં એક દિવસમાં ૧૦ લાખથી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. રવિવારે અમેરિકામાં કોરોનાના લગભગ ૫.૯ લાખ કેસ સામે આવ્યા હતા જ્યારે સોમવારે આ આંકડો લગભગ બમણો થઈ ગયો. કોરોનાના રેકૉર્ડ કેસોના કારણે અમેરિકામાં સ્કૂલ, કૉલેજ વગેરે બંધ છે, ઘણી ફ્લાઈટો પણ રદ કરી દેવામાં આવી છે. અમેરિકામાં વધતા કોરોના કેસોના કારણે ઘણી સ્કૂલોએ પોતાની રજાઓ આગળ લંબાવી દીધી છે. ઘણી સ્કૂલોએ ફરીથી ઑનલાઈન અભ્યાસ શરુ કરાવી દીધો છે.

વળી, અમુક સ્કૂલોમાં વ્યક્તિગત ક્લાસ ચાલી રહ્યા છે. વળી, રવિવારે અમેરિકાની ૪૦૦૦ ફ્લાઈટને રદ કરી દેવામાં આવી હતી. આ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ બંને છે. વળી, રવિવારે ૪૫૧૯ વિમાનોની ઉડાનમાં વિલંબ થયો. અમેરિકામાં ૩૦ ડિસેમ્બરે ૫.૮ લાખ કોરોના કેસ સામે આવ્યા હતા. ત્યારબાદથી સતત કોરોનાના નવા વેરિઅંટ ઓમિક્રૉનના કારણે સંક્રમણના કેસ વધી રહ્યા છે. અમેરિકા સાથે યુરોપના ઘણા દેશોમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. જ્યારે ભારતમાં પણ સંક્રમણની ગતિ ઝડપથી વધી રહી છે જેના કારણે ઘણા પ્રદેશમાં નાઈટ કર્ફ્યુ, સાપ્તિહિક લૉકડાઉન લગાવવામાં આવી રહ્યુ છે.

### ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ — ૨૬૪/૨૦૨૨

વિષય "અલ-હસન વકફ ટ્રસ્ટ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી મોહંમદઐયુબ અબ્દુલ્લા હસન મુ.ગોધરા, જી.પંચમહાલ નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./ઠે. | તાલુકો અને જીલ્લો | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.ફુટ |
|---|---|---|---|---|
| મુ.પો. ગોધરા | તા.ગોધરા, જી.પંચમહાલ | ખાનગી પ્લોટ, ખાનગી પ્લોટ, ખાનગી પ્લોટ, | રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૨, રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૩, રેવન્યુ સર્વે નં.૭૩૭/૨૪, | ૮૯-૩૫, ૮૭-૫૯, ૧૫૫-૫૬. |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ. એચ. ખુમાર)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

### શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૧૬, વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વાર (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૧૯-૨૦ ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં સી.સી. રસ્તાના કામો માટે તથા (૨) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના આઉટગ્રોથ વિસ્તાર અને ૧૫ મુ નાણાપંચ યોજનામાંથી કોતર પર નાળા બનાવવાના કામે તથા (૩) સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી સોલાર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટના કામે તથા (૪) સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી આર.સી.સી. ગટર અને પેવર બ્લોકના કામે તથા (૫) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૦-૨૧ ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં સી.સી. રસ્તાના કામો માટે (બીજો પ્રયત્ન) તથા (૬) રાષ્ટ્રીય પર્વની તાલુકા કક્ષાએ ઉજવણીની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં મોડેલ સ્કુલ શહેરા ખાતે શેડ બનાવવાના કામ (ત્રીજો પ્રયત્ન) માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૫,૨૫,૯૫૯.૦૦ થી રૂા.૪૪,૩૮,૮૩૪.૦૦ સુધીની છે.

ટેન્ડર તા.૧૭/૦૧/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૨૧/૦૧/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

(આર.સી. સોલંકી) ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા | (વી.જી. પંચાલ) કારોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા | (યુ.એન. નાયકા) પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૮૧૪/૨૦૨૨

### અધિસૂચન
### ગોધરા વિસ્તાર વિકાસ સત્તામંડળ, ગોધરા
### (ગોધરા નગરપાલિકા, ગોધરા)

ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ અનુસાર સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૧/૧૯૭૮ થી ગોધરા નગરપાલિકા વિસ્તારને વિકાસ સત્તામંડળ તરીકે જાહેર કરેલ છે અને ઉકત કાયદાની કલમ-૬ (૨) હેઠળ ગોધરા વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવેલ છે. ગોધરા વિસ્તાર વિકાસ સત્તામંડળ ના વિકાસ વિસ્તાર માટે અધિનિયમની જોગવાય મુજબ પુનઃરચિત વિકાસ યોજના તા.૧૬.૦૮.૧૯૮૮ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચવી/૧૫૩ ઓફ ૧૯૮૮/ ડીવીપી-૩૦૮૬-૨૭૦૩ (૮૮)-એલ, થી મંજુર થઇ તા.૧૬.૦૮.૧૯૮૮ થી અમલમાં છે. અધિનિયની જોગવાઇઓ મુજબ કલમ-૨૧ હેઠળ સદર વિકાસ યોજનાના પુનરાવર્તીત કરવા અંગેની કામગીરી ગોધરા નગરપાલીકાની ટી.પી. કમીટીના ઠરાવ નં.૩૩, તા.૧૮.૦૨.૨૦૧૯ તથા સામાન્ય સભાના ઠરાવ નં.૧૭૯, તા.૦૯/૦૮/૨૦૧૯ થી ગોધરા નગરપાલીકાને આપી બહાલી આપેલ છે. જેના અનુસંધાને ગોધરાની પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજનાનો અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

આ સાથે સામેલ અનુસુચિમાં વર્ણવેલ મુસદ્દારૂપ પ્રથમ પુ.વિ.યોજના તથા તેનો અહેવાલ અધિનિયમની કલમ-૯ (૧) અનુસાર તા.૦૮/૦૭/૨૦૨૦ ના સરકારશ્રીમાં પરામર્શ અર્થે સાદર કરેલ જેને તા.૦૨/૦૧/૨૦૨૧ થી શરતી પરામર્શ થઇ આવેલ હોઇ, અધિનિયમની કલમ-૯ (૧) હેઠળ સરકારશ્રીમાં સાદર કરવા અને કલમ-૧૩ (૧) હેઠળ પ્રસિધ્ધ કરવા ટી.પી.કમીટીના ઠરાવ નં.૦૨, તા.૦૧.૦૯.૨૦૨૧ તથા સામાન્ય સભાના ઠરાવ ને ૧૦૩, તા.૧૮/૧૧/૨૦૨૧ થી બહાલી મળેલ હોઇ, અધિ.ની કલમ-૧૩ (૧) હેઠળ પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજનાના તથા દરખાસ્તો પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ અધિસુચન સરકારશ્રીના રાજયપત્રમાં તા.૦૪/૦૧/૨૦૨૨થી પ્રસિધ્ધ થયા તારીખથી બે માસની નિયત સમય મર્યાદામાં કોઈપણ જમીન માલીક અથવા અસર પામતી વ્યકિત પાસેથી મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજનાની દરખાસ્તો તથા તેના અહેવાલને લગતા વાંધા/સુચનો સત્તામંડળને લેખિત રીતે ત્રણ નકલમાં મળે તેવા વાંધા સુચનો સત્તામંડળ અભિપ્રાય સાથે અધિનિયમની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં આખરી મંજુરી સારૂ સાદર કરવામાં આવશે.

:: અનુસુચિ ::

(૧) મુસદ્દારૂપ પ્રથમ પુનરાવર્તીત વિકાસ યોજના તૈયાર કરવા માટે કરેલ હયાત જમીન વપરાશ સર્વેની વિગતો દર્શાવતો નકશો (હયાત જમીન વપરાશ) તથા વિકાસ યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારમાંની જમીનોનો જે ઉપયોગ કરવાની દરખાસ્ત હોય તેની વિગતો દર્શાવતો નકશો. (સુચિત જમીન વપરાશ)

(૨) નકશા, ચાર્ટ અને મુસદ્દારૂપ પ્રથમ પુ.વિકાસ યોજનાની વિગતો સમજાવતો અહેવાલ,

(૩) મુસદ્દારૂપ પ્રથમ પુ.વિકાસ યોજનાની વિસ્તાર વિકાસ સત્તામંડળ ઉપર મૂકેલ હોઈ જવાબદારી જે વિકાસના સમકક્ષ દ્વારા પહોંચી વળવા ધાર્યુ હોય તે દર્શાવતુ નિવેદન.

ઉપર મુજબનું તમામ સાહિત્ય ગોધરા વિસ્તાર વિકાસ સત્તામંડળ, ગોધરા નગર પાલિકાની કચેરી, સર્વે શાખા, ગોધરામાં રવીવાર તથા જાહેર રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લુ મુકવામાં આવેલ છે.

સ્થળ : ગોધરા નગરપાલિકા
ગોધરા, જી.પંચમહાલ

અધ્યક્ષ
નગર આયોજન સમિતી
ગોધરા વિસ્તાર વિકાસ સત્તામંડળ
ગોધરા

માહિતી/ગોધરા/૮૧૭/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાએ વેકસિનેશન અંતર્ગત બંને ડોઝથી નાગરિકોને સુરક્ષિત કરવાની કામગીરી પૂર્ણ કરી હાંસલ કરેલ ૧૦૫ ટકા સિધ્ધિ

લુણાવાડા, વેક્સીનના પ્રથમ કે બીજા ડોઝથી વંચિત રહ્યા હોય તેવા નાગરિકોને રસી આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન તા.૧૭મી સપ્ટે-૨૧થી રસીકરણ મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં રસીકરણ મહા અભિયાન સઘન બનાવાયું હતું.

આ અભિયાનને સફળ બનાવવા જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરી હેઠળ જિલ્લા આરોગ્ય તંત્રના કર્મયોગીઓએ વેક્સિનેશનની કામગીરીને વેગવંતી બનાવી હતી.

આ અંગેની વિગતો આપતાં જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં આરોગ્ય કર્મયોગીઓએ જિલ્લામાં રસીકરણને પાત્રતા ધરાવતા તમામ નાગરિકોનું રસીકરણ થઇ જાય તેવો જાણે કે મંત્ર અપનાવ્યો હોય તેમ છેલ્લા સતત એક વર્ષ કરતાં વધુ સમયથી સતત રાત-દિવસ જોયા વગર નાગરિકોનું સો ટકા રસીકરણ થઇ જાય તે રીતે ભગીરથ કામગીરી પાર પાડવામાં જોતરાઇ ગયા હતા. આ આરોગ્ય કર્મયોગીઓએ જિલ્લાના અંતરિયાળ-પહાડી અને જંગલ વિસ્તારો આવેલા છે. આવા વિસ્તારોમાં જ્યાં સાધન દ્વારા ન પહોંચી શકાય ત્યાં પગપાળા અને જ્યાં સાધન દ્વારા પહોંચી શકાય ત્યાંપોતાના કે સરકારી વાહન દ્વારા તો બેટ વિસ્તારમાં નાવમાં બેસીને નાગરિકો સુધી પહોંચી વિશ્વ વ્યાપી કોરોના સામે રક્ષણ પુરૂં પાડતી રસીથી કોઇ નાગરિક વંચિત રહી ન જાય તેવી રીતે કામગીરી પાર પાડી હતી.

મહીસાગર જિલ્લાના તમામ આરોગ્ય કર્મયોગીઓ કે જેઓ વેકિસનેશનની કામગીરી સાથે જોડાયા હતા. તેઓની આ કામગીરી રંગ લાવી તા. ૪થી જાન્યુઆરી, ૨૦૨૨નો દિવસે. જે આરોગ્ય કર્મીઓ માટે જિલ્લાનું ગૌરવ વધારનારો બની રહ્યો હોવાનું જણાવ્યું હતું.

તેમણે વધુમાં મહીસાગર જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકો જે જેઓએ રસીનો પ્રથમ ડોઝ મૂકાવ્યો હતો તેવા ૮,૧૫,૯૦૪ નાગરિકોને સમયસર બીજો ડોઝ મૂકીને બંને ડોઝથી કોરોના સામે રક્ષિત કરવાના હતા તેની સામે ૮,૫૧,૬૪૮ નાગરિકોને બીજો ડોઝ આપીને ૧૦૫ ટકા સિધ્ધિ હાંસલ કરીને મહીસાગર જિલ્લાને ગૌરવ બક્ષવામાં સમગ્ર જિલ્લાનું વહીવટી-આરોગ્ય તંત્ર, આરોગ્ય કર્મીઓ સહિત જિલ્લાના નાગરિકો, રાજકીય-સામાજિક અને વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ-અગ્રણીઓ પણ આ કાર્યમાં સહભાગી થયા હોવાનું ઉમેરી આ તમામને રસીકરણ કાર્યમાં સહભાગી થવા બદલ અને જિલ્લાને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

મહીસાગર જિલ્લાએ કોરોના પ્રતિરોધક રસી મૂકવાની કામગીરી અંતર્ગત પ્રથમ ડોઝની કામગીરી તા. ૧૧/૧૦/૨૦૨૧ના રોજ રસી મૂકવવાને પાત્ર હતા તેવા ૮,૧૪,૫૨૪ના લક્ષ્યાંક સામે તમામ ૮,૧૫,૯૦૪ નાગરિકોને રસીનો પ્રથમ ડોઝ આપીને સો ટકાથી પણ વધુ સિધ્ધિ હાંસલ કરવાની સાથે નાગરિકોને સુરક્ષા કવચ પ્રદાન કર્યું હતું. આમ મહીસાગર જિલ્લાએ સમગ્ર રાજયમાં વેકસિનેશનની કામગીરીમાં જિલ્લામાં પ્રથમ ડોઝ પૂર્ણ કરવામાં સમગ્ર રાજયમાં પ્રથમ પાંચમા સ્થાન હાંસલ કર્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ હાલ જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષના કિશોર-કિશોરીઓને કોરોના પ્રતિરોધક રસીનો પ્રથમ ડોઝ આપીને કિશોર-કિશોરીઓને કોરોનાનું સુરક્ષા કવચ પ્રદાન કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના ૧૫ થી ૧૮ વર્ષના ૬૬,૯૩૨ કિશોર-કિશોરીઓને કોરોના પ્રતિરોધક રસી આપીને રક્ષિત કરવાના લક્ષ્યાંક સામે તા. ૪ સુધીમાં ૨૩,૩૫૨ કિશોર-કિશોરીઓએ રસી મૂકાવી દીધી હોવાનું જણાવી આગામી બે થી ત્રણ દિવસમાં નિયત લક્ષ્યાંક હાંસલ કરી દેવામાં આવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

## સંભવિત કોરોનાની ત્રીજી લહેરને પહોંચી વળવા જિલ્લામાં નોડલ અધિકારીઓની નિમણૂંક


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ કોરોનાની વૈશ્વિક મહામારી અંતર્ગત સમગ્ર વિશ્વમાં હાલ ઓમીક્રોન (કોવિડ-૧૯) વેરિયન્ટને ધ્યાને લઇ સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા અને જિલ્લાના નાગરિકોને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહે અને કોવિડ-૧૯ના વ્યવસ્થાપનની કામગીરી સુચારૂં રીતે થઇ શકે તે હેતુસર મહીસાગર-લુણાવાડાના જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ એક હુકમ દ્વારા આરોગ્યલક્ષી સેવાઓને પહોંચી વળવા માટે વિવિધ કામગીરીને પહોંચી વળવા માટે જિલ્લામાં ૧૫ ઉચ્ચ અધિકારીઓની નોડલ અને સહ નોડલ અધિકારીઓ તરીકે નિમણૂંક કરીને જવાબદારીઓ સુપ્રત કરી છે.

## આઝાદી કા અમૃત મહોત્સવ ૭૫ કરોડ સૂર્ય નમસ્કારનો વિશ્વ રેકોર્ડ બનાવવાના મહાઅભિયાનની બોરૂ પ્રાથમિક શાળામાં શરૂઆત



લુણાવાડા, દેશભરમાં આઝાદીની ૭૫મી વર્ષગાંઠ આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવવામાં આવી રહી છે. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ૭૫ કરોડ સૂર્ય નમસ્કારનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ યોગામૃત ઉત્સવ માં કાલોલ તાલુકાની બોરૂ પ્રાથમિક શાળાના ૨૯૬ થી વધુ છાત્રો, શિક્ષક ગણ, એસ.એમ.સી. સભ્યો ભાગ લઈ રહ્યા છે. આ યોગામૃત ઉત્સવ દ્વારા વિશ્વમાં એકતા અને સ્વાસ્થ્ય ચેતનાનો પ્રારંભ થયેલ છે. આ ઉત્સવમાં શાળાના આયોજન મુજબ ૨૧ દિવસ સુધી દરરોજ ૧૩ સૂર્ય નમસ્કાર કરવાનો સંકલ્પ મુખ્ય શિક્ષક ગૌરાંગ જોશી દ્વારા શપથ સમારોહમાં સી.આર.સી.કો-ઓર્ડીનેટર ચંદ્રકાંત સુથારની વિશેષ ઉપસ્થિતિમાં લેવડાવ્યો હતો.

## ધાનપુર ગામે આકાશવાણી ગામે ચુંટણીના સંબંધી તકરારમાં પાંચ ઈસમોએ ધીંગાણું મચાવ્યું

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આકાશવાણી ગામે ગામ પંચાયતની ચૂંટણી સંબંધે પાંચ જેટલા વ્યક્તિઓ એક સંપ થઇ પોતાની સાથે લાકડીઓ તેમજ હાથમાં પથ્થરો લઈ ધસી આવી એક મહિલા સહિત બે જણાને માર મારી ઈજા પહોંચાડી ધિંગાણું મચાવતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

તારીખ ૨૧મી ડિસેમ્બરના રોજ આકાશવાણી ગામે લેઘોડીયા ફળિયામાં રહેતા સુક્રમભાઈ મૂળિયાભાઈ, મીલેશ પર્વતભાઈ, વિક્રમભાઈ મૂળિયાભાઈ, પરેશભાઈ પર્વતભાઈ અને પર્વતભાઈ મૂળિયાભાઈ તમામ જાતે સંગાડાનાઓ પોતાની સાથે લાકડીઓ લઈ પોતાના ગામમાં રહેતા કંપાબેન કબાનભાઈ તડવીના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, તમે ચૂંટણીમાં જીતી ગયા છો અને અમે હારી ગયા છીએ, તમો અમારી સામે કેમ આવો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઇ ગયા હતા અને લાકડીઓ વડે તેમજ છૂટા પથ્થરો મારી કંપાબેન અને હિંમતભાઈને મારી શરીરે હાથે-પગે તેમજ માથાના ભાગે ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભારે હંગામો મચાવતાં સંબંધી ઈજાગ્રસ્ત કંપાબેન કબાનભાઈ તડવી દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહિસાગર જિલ્લાના વડું મથક લુણાવાડા ખાતે કોંગ્રેસ દ્વારા ઉગ્ર પ્રદર્શન યોજાયું

લુણાવાડા, લુણાવાડા તાલુકા માં આવેલ લાડવેલ એગ્રિકલ્ચર ફીડર લાઈન જેમાં કાકચિયા, ગઘનપુર, પટ્ટણ વિગેરે ગામોનો સમાવેશ થાય છે. તેમાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસનું લાઈટ આપવાના બદલે અમુક સમયે રાત્રિ દરમિયાન લાઈટ આપવામાં આવે છે. જેના કારણે ત્યાંના ખેડૂતોને શિયાળાની કડકડતી ઠંડીમાં પણ અને જંગલી જાનવર ના જોખમે પાણી પાક પીવડાવવા જાય છે. ત્યારે આ મુદ્દાને કોંગ્રેસ દ્વારા સખત શબ્દોમાં વખોડી નાખી વિરોધ પ્રદર્શન કરી પાનમ નદી સ્થિત MGVCL ની કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ ને જાણ કરવામાં આવી હતી.

## દાહોદ અર્બન બેંકમાં શોર્ટ સર્કિટને આગ : સામાન બળીને ખાખ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

દાહોદ, દાહોદ શહેરમાં આવેલ અર્બન બેન્કમાં ગતરોજ રાત્રીના સમયે બેન્કમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં બેન્કમાં મુકેલ ઘણો ખરો સામના બળી ગયો હતો. મધ્યરાત્રીના ઘટનાને પગલે ફાયર બ્રિગેડના લાશ્કરોએ આગ બુઝાવી હતી.

દાહોદ શહેરમાં નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ અર્બન બેન્ક ખાતે ગતરોજ મોડીરાત્રીના સમયે આકસ્મીક આગ લાગી હતી. જાણવા મળ્યાં અનુસાર, આગ શોર્ટ સર્કિટકના કારણે લાગી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મધ્યરાત્રીના આગની ઘટનાને પગલે બેન્કના સત્તાધિશો સહિત આસપાસના લોકો દોડી ગયાં હતાં અને દાહોદ ફાઈયર ફાઈટરને જાણ કરવામાં આવતા ફાઈયર ફાઈટરના લાશ્કરનો પાણીના બંબા સાથે ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં હાલ કેટલા રૂપીયાનું નુકસાન થયું તે જાણી શકાયું નથી.

## ગોધરા બસ સ્ટેશન પાસેથી દાદા સાથે આવેલ ૮ વર્ષીય બાળકીની ઉઠાંતરીના ફોટો વાયરલ થયા



ગોધરા, ગોધરા શહેરા લાલબાગ બસ સ્ટેશન ખાતે દાદા સાથે આવેલ ૮ વર્ષીય બાળકીનું અજાણ્યા ઈસમ દ્વારા ઉઠાંતરી કરવામાં આવી.

ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ ખાતે દાદા સાથે ૮ વર્ષીય બાળકી હતી. ત્યારે અજાણ્યા ઈસમે બાળકી સાથે તેના દાદાને ત્રણ કિલો મીટર સુધી દુર લઈ જઈને દાદાને મારમાર્યો હતો અને ૮ વર્ષીય બાળકીની ઉઠાંતરી કરી ગયા હોવાનો ફોટો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો.

## સંતરામપુરના ભેણદરા પ્રા.શાળામાં સ્વેટરનું વિતરણ કરાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાની ભેણદરા પ્રાથમિક શાળામાં ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવેલું હતું. આજરોજ પ્રાથમિક શાળામાં બાળકોને દાતાઓ દ્વારા પ્રાંત અધિકારી અધ્યક્ષ અને ગ્રામજનો અગ્રણીઓ વાલીઓની હાજરીમાં બાળકોને શિયાળાની ઋતુમાં ગરમ સ્વેટરનું વિતરણલું હતું અને આચાર્ય હરીશ દરજી દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ઝાલોદના મુનખોસલા ગામે ચુંટણીના ઝગડામાં પાંચ ઈસમોએ બે વ્યકિતને મારમારતાં ફરિયાદ

ઝાલોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મુનખોસલા ગામે ગ્રામ પંચાયતની ચૂંટણી સંબંધિત થયેલ ઝઘડા તકરારમાં પાંચ જેટલા ઇસમોએ ભેગા મળી બે વ્યક્તિઓને લાકડી વડે તેમજ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડતા પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૩ જાન્યુઆરી ના રોજ મુનખોસલા ગામે પટેલ ફળિયામાં રહેતા વિપુલભાઈ બચુભાઈ વસૈયા, સર્જનભાઈ ગેંદાલભાઈ વસૈયા, પ્રભાતભાઈ વરસીંગભાઈ તુવર, કિરણભાઈ પ્રભાતભાઈ તુવર અને કલ્પેશભાઈ મગનભાઈ વસૈયાનાઓ પોતાની સાથે લાકડીઓ લઇ પોતાના ગામમાં રહેતા જગદીશભાઈ બાબુભાઈ ભાભોરના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, કેમ તમે અમને ચૂંટણીમાં સાથ સહકાર આપેલ નથી, તેમ કહેતા જગદીશભાઈએ કહેલ કે, અમારા ઘરના ઉમેદવારો હોય અમારે બીજાને સાથ સહકાર આપવાની જરૂર રહેતી નથી, તેમ કહેતા ઉપરોક્ત પાંચેય જણા એકદમ ઉશ્કેરાયા હતા અને પોતાની સાથે લાવેલ લાકડી વડે જગદીશભાઈ તથા તેમની સાથેના કીર્તનભાઈને મારી મારી શરીરે હાથે-પગે તેમજ માથાના ભાગે ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભારે હંગામો મચાવતા આ સંબંધે ઈજાગ્રસ્ત જગદીશભાઈ બાબુભાઈ ભાભોર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લામાં ૨૫ અને ૨૭ જાન્યુઆરીએ તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

દાહોદ, દાહોદ જિલ્લામાં આગામી તા. ૨૫ જાન્યુઆરી- મંગળવારે તાલુકા સ્વાગત કાર્યક્રમ અને તા. ૨૭ જાન્યુઆરી ગરૂવારે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. આ માટે અરજદારે અરજી આગામી તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં કરવાની રહેશે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત કે અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની અરજી એક જ પ્રશ્ન સંબધિત અમલીકરણ અધિકારીને ઓછામાં ઓછી ત્રણ વાર કરેલી અરજીની નકલ સાથે સંબધિત મામલતદારની કચેરીને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ અરજીનાં મથાળે લખી અરજી તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં મોકલી આપવાની રહેશે.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર અને સંપૂર્ણ સરનામા સાથે એક અરજીમાં એક જ પ્રશ્ન સાથે સંબધિત અમલીકરણ અધિકારીને ત્રણ નકલ સાથે જિલ્લા સ્વાગત કાર્યક્રમ મથાળા સાથે અરજી તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં મોકલી આપવાની રહેશે. તાલુકા કાર્યક્રમમાં જિલ્લાના વર્ગ ૧ નાં અધિકારીઓ હાજર રહી નાગરિકોના પ્રશ્નોનું રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

જેમાં કલેક્ટર ફતેપુરામાં, જિલ્લા વિકાસ અધિકારી ધાનપુરમાં, પોલીસ અધિક્ષક સંજેલીમાં, લીમખેડાના મદદનીશ કલેકટર અને પ્રાંત અધિકારી સીંગવડમાં, પ્રાયોજનાં વહીવટદાર દેવગઢ બારીયામાં, ડીઆરડીએ નિયામક ઝાલોદમાં, જિલ્લા આયોજન અધિકારી દાહોદમાં, દાહોદનાં નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી ગરબાડામાં, દેવગઢ બારીયાનાં નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી લીમખેડામાં ઉપસ્થિત રહેશે. આ માટે ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નોની રજૂઆત મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી તેવા મથાળા હેઠળ સંબધિત ગામનાં તલાટી-મંત્રીને સંબોધીને ૧ થી ૧૦ તારીખ સુધીમાં આપવાની રહેશે. નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## ખરાબ હવામાનને કારણે દ્વારકાનુ જહાજ ઈરાનમાં ડૂબ્યું

દ્વારકા, દ્વારકાના સલાયાનું વહાણ ખરાબ હવામાનના કારણે ડૂબ્યું છે. ફેઝે તાઝુદિન બાબા-૨ નામના વહાણે ઈરાનના દરિયામાં જળસમાધિ લીધી હતી. આ વહાણ અંદાજિત ૬ કરોડની કિંમત ધરાવતું અને ૧૦૦૦ ટનવાળી કેપેસિટી ધરાવતુંહતું. આ વહાણમાં ૧૦ જેટલા ખલાસીઓ સવાર હતા. વહાણમાં સવાર તમામ ખલાસીઓનો આબાદ બચાવ થયો હતો.

૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ આ ઘટના બની હતી. ફેઝે તાઝુદિન બાબા-૨ નામનું જહાજ મુન્દ્રાથી ખાંડ ભરીને નીકળ્યું હતું. આ જહાજ દ્વારકાના સલાયા ગામના રહેવાસી હસન કાસમ ભોકલ નામના વેપારીનુંહતું. આ જહાજ ૧૦૦૦ ટનની કેપેસિટી ધરાવતુહતું. જેની કિંમત ૬ કરોડ રૂપિયા હતી. ૨૫ ડિસેમ્બરના રોજ જહાજમાં ખાંડ ભરવામાં આવી હતી અને જહાજ ઈરાન જવા નીકળ્યુ હતું.

## હેલ્થ ટીપ્સ

### શિયાળામાં આ રીતે ઘરે જ બનાવો ખજૂર પાક, નોંધીલો રેસીપી

શિયાળામાં આપણે ત્યાં જાતજાતના વસાણાઓ બનવાના શરૂ થઈ ચુક્યા છે. નાનેરા કે મોટેરા સૌ કોઈને ભાવે તેવા પાક શિયાળામાં દરેક ઘરમાં બનતા જ હોય છે. ખાસ તો સ્વાદના શોખીનો માટે શિયાળો આવે એટલે મજા પડી જાય છે. કડકડતી ઠંડીને ઉડાડી દેવા સ્વાદિષ્ટ ખજૂર પાક સાંભળતા જ મોંમા પાણી આવી ગયુ ને તો રાહ કોની જુઓ છો આજે જ બનાવો સ્વાદિષ્ટ એવો ખજૂર પાક.

સામગ્રી
૧૦૦ ગ્રામ – ખજૂર
૨ ચમચી – ઘી
૧૦૦ મીલી – દૂધ
૧ બાઉલ – સૂકો મેવો (કાજૂ, બદામ, પિસ્તા)
જરૂરિયાત મુજબ – વરખ

ખજૂર પાક બનાવવાની સરળ રીત
સૌપ્રથમ ખજૂર સુધારી લો. થોડું દૂધ ઉમેરીને મીકસરમાં ક્રશ કરી લો. હવે એક નોનસ્ટિક કડાઈમાં એક ચમચી જેટલું ઘી ગરમ કરો. તેમાં તૈયાર કરેલું મિશ્રણ ઉમેરીને સાંતળવુ. તે પછી તમે તેમા સૂકો મેવો પણ ઉમેરી શકો છો. હવે તે ઘટ્ટ થાય પછી ઘી ઉમેરીને ઠારી દેવું. થોડું ઠંડુ પડે એટલે વરખ લગાવીને કટ કરી લેવું. ત્યાર બાદ એરટાઈટ ડબ્બામાં ભરી લેવુ.

## સીંગવડના ડુંગરપુર ગામે જમીન માંથી નિકળવા બાબતે ચાર ઈસમો દ્વારા મહિલાના ઘર ઉપર પથ્થર મારો કર્યો

દાહોદ, દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના પરમારના ડુંગરપુર ગામે જમીનમાંથી નીકળવા બાબતે ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ એક મહિલાના ઘર પર પથ્થરમારો કરતા એક મહિલાને ઈજા પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ ૨૨મી ડિસેમ્બરના રોજ સિંગવડ તાલુકાના પરમારના ડુંગરપુર ગામે નદી ફળિયામાં રહેતા મગનભાઈ નારસિંહભાઈ, નવીનભાઈ મનસુખભાઈ, પ્રવીણભાઈ મનસુખભાઈ અને સુરેશભાઈ દલસુખભાઈ તમામ જાતે પરમારનાઓ એકદમ થઈ પોતાની સાથે હાથમાં પથ્થર લઈ પોતાના ગામમાં રહેતા સુશીલાબેન વિજયભાઈ બામણીયાના ઘર તરફ આવ્યા આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, અમારી જમીનમાં શેરીએ નીકળવું નહીં, તેમ કહેતા સુશીલાબેનએ કહેલ કે, અમારી સાથે કેમ ઝઘડો કરો છો તેમ કહેતાં ઉપરોક્ત ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને છૂટા પથ્થરો સુશીલાબેનના ઘર તરફ માર્યા હતા.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીમાં પ્રમોશનના યોગ જણાય છે,શેર સટ્ટાથી દૂર રહેવું-નુક્સાન કરાવશે, ખર્ચાઓ ઉપર નિયંત્રણ રાખવું, કૌટુંબિક પ્રશ્નોમાં સારુ સમાધાન મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : દાંપત્યજીવનમાં અણબનાવો દૂર થશે, મકાન વાહન ખરીદવાનો અવસર મળશે, તબીયતની બાબતમાં કાળજી રાખવી, વિદ્યા માટે બહાર જવાનું આયોજન કરી શકો.

મિથુન (ક.છ.ઘ.) : નોકરીયાત વર્ગને જવાબદારીમાં વધારો થશે, માનસિક તનાવમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો, યાત્રા પ્રવાસથી લાભની સંભાવના, વિવાહ બાબતના પ્રશ્નોમાં સફળતા મળે.

કર્ક (ડ.હ.) : ભાગીદારીવાળા ધંધામાં લાભ થાય, પ્રેમ પ્રસંગોમાં સાનુકૂળતા જણાય, વાહન ધીમેથી ચલાવવું-કામ શાંતિથી કરવું, ધાર્મિક લોકો માટે વિદેશયોગની સંભાવના.

સિંહ (મ.ટ.) : પ્રશંસનીય કાર્ય થવાની સંભાવના છે, કૌટુંબિક સબંધોમાં સુધારો જોવા મળે, ધંધામાં પ્રગતિના યોગ જણાય છે, વિશ્વાસઘાત અને છેતરામણીથી બચવું.

કન્યા (પ.ઠ.ણ.) : સંતાનોની ચિંતામાં સમાધાન મળશે, અજાણ્યા લોકો સાથે રોકાણમાં ધ્યાન રાખવું, ખેડૂતો માટે સારો સમય જણાય છે, બદલી બઢતી કે સ્થળાંતરના યોગ બને છે.

તુલા (ર.ત.) : આર્થિક બાબતે સંકડામણ અનુભવશો, ઉઘરાણી ઉપર પૂરતુ ધ્યાન આપવું, સંતાનોના પ્રશ્નોમાં ચિંતા જણાશે, સરકારી તંત્ર વિરોધીઓથી સાવધાન રહેવું.

વૃશ્ચિક (ન.ય.) : કૌટુંબિક પ્રેમભાવમાં વૃદ્ધિ થશે, નવી ઓળખાણો દ્વારા લાભ થશે, નોકરીમાં પ્રમોશનની શક્યતા જણાય છ, ઓચિંતા મુશ્કેલી આવવાની સંભાવના છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આપના મનમાં ઉચાટ ઉદ્વેગ રહ્યા કરશે, માનસિક અશાંતિનો અનુભવ થશે, દાંપત્યજીવનમાં સાધારણ તણાવ જણાશે, નોકરીયાતને સમય અનુકૂળ જણાશે.

મકર (ખ.જ.) : રોકાયેલા અધુરા કાર્યો પૂરા થશે, આર્થિક સંકળામણ ઓછી થશે, વિરોધીઓ કાવાદાવામાં નિષ્ફળ જશે, રાજકીય ક્ષેત્રમાં સાચવીને ચાલવું.

કુંભ (ગ.સ.શ.ષ.) : સકારાત્મક વિચારોથી સારો લાભ થશે, વેપાર ધંધામાં સારો લાભ જણાશે, મનની મુંઝવણમાં સામાન્ય વધારો થશે, નાણાકીય રોકાણ કરવામાં સાવધાની રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક સંકડામણ દૂર કરવાના રસ્તા મળશે, પ્રવાસ અને નવી મુલાકાતથી લાભ જણાશે, દાંપત્યજીવનમાં મતભેદ ઉભા થવાની સંભાવના, પ્રેમ પ્રસંગોમાં પ્રતિકૂળતા જણાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદમાં બહુચર્ચિત ડમ્પિંગ યાર્ડ કૌભાંડ મામલો

# પાલિકાના ગત ટર્મના સભ્યોને વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીનું તેડું

દાહોદ,

દાહોદમાં ઈન્દોર-અમદાવાદ હાઈવે પર સ્થિત વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ એટલે બહુચર્ચિત ડમ્પિંગ યાર્ડ કૌભાંડમાં વડોદરા પ્રાદેશિક કમિશ્નર કચેરી દ્વારા દાહોદ નગરપાલિકાના દ્વારા કરવામાં આવેલો ૯૪/૧ નંબરનો ઠરાવ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૨૫૮ મુજબ રદ્દ કરી આ કૌભાંડમાં સામેલ સભ્યો સામે કલમ ૭૦ મુજબ રિકવરીના આદેશો કરવામાં આવતા પાલિકાના અંગત વર્તુળોમાં ખળભળાટની સાથે એકબીજા સામે આક્ષેપો પ્રતિ આક્ષેપોનો દોર શરૂ થયો છે. ત્યારે આ હુકમના બે માસ બાદ વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરી દ્વારા દાહોદ નગરપાલિકાની ગત બોર્ડનાં સામેલ સભ્યોને લેખિતમાં નોટિસ ફટકારી તેઓની સામે કલમ ૭૦ મુજબની કાર્યવાહી કેમ ન કરવી? તેના ખુલાસો સાત દિવસની અંદર અત્રેની કચેરીમાં મોકલી આગામી ૧૭/૧/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણી દરમિયાન હાજર રહેવાનું તેડું આવી જતા ડમ્પિંગ યાર્ડના કૌભાંડમાં સામેલ ભ્રષ્ટાચારી તત્વોમાં એક પ્રકારનો ફફડાટનો માહોલ છવાયો છે. ત્યારે પાલિકામાં જે તે સમયના અન્ય સુધરાઈ સભ્યોને પણ તેડું આવતા નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોમાં અંદરો અંદર આક્ષેપો પ્રતિ આક્ષેપોના દોર વચ્ચે પાલિકાના માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

સમગ્ર ડમ્પિંગ યાર્ડ કૌભાંડમાં પાલિકાની ગત ટર્મમાં તત્કાલીન ચીફ ઓફિસર અતુલ સિંહાએ પોતાના મળતીયાઓ સાથે સુનિયોજિત ષડયંત્ર રચી ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ એટલે કે ડમ્પિંગ યાર્ડના કરોડો રૂપિયાના કામોમાં નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાના બદલે એક હેડની ગ્રાન્ટ બીજા હેડમાં વાપરી કરોડો રૂપિયાની ગ્રાન્ટ મધ્ય પ્રદેશની સિલેસ્ટીયલ વેસ્ટ મેંજેમન્ટ એન્ડ સેનેટાઈઝીગ પ્રા.લી નામક કંપનીને બારોબાર પધરાવી સરકારની તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડી કથિત કૌભાંડ આચર્યું હતું. ત્યારબાદ સદર કામમાં કોઈપણ જાતની દસ્તાવેજી કે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા વગર મધ્યપ્રદેશની કંપની દ્વારા રજૂ કરવામાં આવેલા બીલોના બારોબાર ચૂકવણાં કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ સમગ્ર પ્રકરણ મામલે દાહોદના જાગૃત નાગરિક દ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત માહિતી માંગવામાં આવતા તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા આચરવામાં આવેલા કથિત કૌભાંડનો સમગ્ર પ્રકરણ સપાટી પર આવવા લાગ્યો હતો. જાગૃત નાગરિક તેમજ પાલિકાના સત્તાધીશો વચ્ચે બે વર્ષ સુધી ચાલેલી કાગળીયાની લડાઈનો મામલો છેક મુખ્ય સચિવ, મુખ્યમંત્રી કાર્યાલય, વિજિલન્સ વિભાગ, ગુજરાતમ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,GMFB સુધી પહોંચતા ઉચ્ચ સ્તરેથી સમગ્ર મામલાનો અહેવાલ માંગી વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીને સમગ્ર પ્રકરણની તપાસ સોંપાઈ હતી. ઉચ્ચ સ્તરેથી ચાલેલી તપાસ દરમિયાન ઓડિટ રિપોર્ટ,પાલિકા દ્વારા રજુ કરવામાં આવેલા અધૂરા દસ્તાવેજોની સામે દાહોદના જાગૃત નાગરિકે વડોદરાના પ્રાદેશિક કમિશનર કચેરીએ થયેલ રૂબરૂ સુનાવણી દરમિયાન રજૂ કરેલા દસ્તાવેજી તેમજ સાંયોગિક પુરાવા તેમજ સુનાવણી દરમિયાન કરેલ ધારદાર રજૂઆતો બાદ સમગ્ર મામલામાં તત્કાલીન ચીફ ઓફિસર અતુલ સિંહાએ પોતાના મળતિયાઓને જોડે મળી કરોડો રૂપિયાનો કૌભાંડ આચરી સરકારી તિજોરીને ચૂનો ચોપડયો હોવાનો ફલિત થતાં વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા યાર્ડના કામોમાં કરેલ ૯૪/૧ નંબરનો ઠરાવ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈઓ મુજબ રદ કરી સમગ્ર કૌભાંડમાં સામેલ પાલિકાના સત્તાધીશો તેમજ અધિકારીઓ સામે કાર્યવાહી કરવા તેમજ કલમ ૭૦ મુજબ રિકવરીના આદેશો કરવામાં આવતા પાલિકાના સત્તાધીશો તેમજ સમગ્ર કૌભાંડમાં સામેલ ભ્રષ્ટાચારી તત્વોમાં ફફડાટનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. જોકે આ સમગ્ર મામલાના આદેશોના બે માસ વીતવા બાદ કોઈ પણ કાર્યવાહી ન થતા સમગ્ર મામલામાં ભીનું સંકેલાઈ ગયું હોવાની આશંકાઓ વચ્ચે સમગ્ર મામલો દબાઈ ગયો હોય તેવી તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. ત્યારે ગઈકાલે વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરી દ્વારા લેખિત નોટીસ ફટકારી પાલિકાની ગત ટર્મમાં ચૂંટાયેલા સભ્યો વિરૂદ્ધ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈઓ મુજબની કલમ ૭૦ મુજબ રિક્વરી કેમ ના કરવી..? તેવા લેખિતમાં ખુલાસાઓ સાત દિવસની અંદર અત્રેની કચેરીમાં જમા કરવા અથવા આગામી ૧૭.૧.૨૦૨૨ ના રોજ વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરી ખાતે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવાનું તેડું આવતા દાહોદ નગરપાલિકાના સત્તાધીશોમાં આક્ષેપો પ્રતિ આક્ષેપો વચ્ચે ભારે ગરમાગરમી નો માહોલ જોવા મળી રહ્યો છે.જયારે કેટલાક સભ્યોના જણાવ્યા અનુસાર સમગ્ર કૌભાંડમાં સામેલ ભ્રષ્ટાચારીઓ સામે કાર્યવાહી થાય અમે તો નિર્દોષ છીએ અમે આ મામલામાં કશું જાણતા નથી તેમજ પાડાના વાંકે પખાલીને ડામ જેવા વાક્યોના ઉચ્ચારણો થકી પોતાની હૈયાવરાળ ઠાલવતા નજરે પડ્યા હતા. જોકે સમગ્ર મામલામાં આગામી ૧૭.૧.૨૦૨૧ ના રોજ થનારી વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરી સુનાવણી બાદ સમગ્ર મામલામાં વધુ સ્ફોટક માહિતી બહાર આવવાની શકયતાઓ સેવાઈ રહી છે.

## દાહોદમાં વધુ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું

દાહોદ,

દાહોદમાં આજે કોરોના બોમ્બ ફુટ્યો છે. આજે એકસાથે ૧૨ એટલે કે, બે ડઝન કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાતાં ખળભળાટ સાથે લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ બે ડઝન કોરોના પોઝીટીવ કેસ દાહોદ શહેરમાં નોંધાયાં છે. બારે બાર પોઝીટીવ કોરોના પોઝીટીવ કેસ દાહોદ શહેર વિસ્તારમાંથી સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. ક્યાંકને ક્યાંક દાહોદ શહેરવાસીઓની લાપરવાહી કહો કે, સરકારની ગાઈડ લાઈનનું પાલન ન થતું હોવાને કારણે દાહોદમાં હવે કોરોના પ્રસરી રહ્યો છે.

આજે દાહોદમાં આરટીપીસીઆરના ૧૫૩૬ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૨૩૯ પૈકી ૦૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૨ કેસ દાહોદ અર્બન વિસ્તારમાંથી સામે આવ્યાં છે. દાહોદમાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. આજના ૧૨ પોઝીટીવ કેસો સાથે એક્ટીવ કેસની કુલ સંખ્યા ૨૬ પર પહોંચી જવા પામી છે. દાહોદ શહેરમાંથી એકસાથે ૧૨ કોરોના પોઝીટીવ કેસો સામે આવતાં દાહોદ શહેરવાસીઓમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. દાહોદ શહેરમાં આસપાસના ગ્રામીણ વિસ્તારના લોકો ખરીદી માટે ઉમટી પડી છે. જાહેરમાં સરકારની ગાઈડલાઈનનું છડેચોક ઉલ્લંઘન પણ થતો જોવા મળી રહ્યો છે. લોકો બેફીકર રીતે માસ્ક વગર પણ ફરતાં જોવા મળી રહ્યાં છે. સોશીયલ ડિસ્ટન્સનો પણ બજારોમાં અભાવ જોવા મળી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં બજારોમાં ભારે ભીડ પણ જોવા મળી રહી છે. ત્યારે ક્યાંકને ક્યાંક દાહોદ શહેરવાસીઓની કોરોના સંક્રમણ પ્રત્યેની બેદકકારી અને સરકારના નિયમોનું પાલન ન કરતાં હોવાને કારણે દાહોદમાં કોરોના છેલ્લા કેટલાંક દિવસોથી વકરી રહ્યો છે. આજના ૧૨ કોરોના પોઝીટીવ કેસોને પગલે આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

## દાહોદ અંગ્રેજી માધ્યમની પ્રા.શાળાનો એક વિદ્યાર્થી કોરોના પોઝીટીવ આવતાં ફફડાટ

દાહોદ,

દાહોદ શહેરની એક અંગ્રેજીમાધ્યમની પ્રાથમિક શાળામાં આજે એક વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવતા સમગ્ર શાળા આલમમાં અક્ષર સહિત ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો ત્યારે મળતી માહિતી પ્રમાણે આવતીકાલે શાળા બંધ રહેશે અને ઓનલાઈન કલાસ ચલાવવામાં આવશે.

સમગ્ર દેશમાં હાલ ૧૫થી ૧૮ વર્ષના બાળકોને કોરોના સામે રક્ષણ મેળવવા રસી મુકવામાં આવી રહી છે અને બાળકો પણ ઉત્સાહભેર ભાગ લઈ વેક્સિનેશન કરાવી રહ્યા છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ બાળકોને પણ વેક્સિનેશન આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે આજરોજ દાહોદ શહેરની એક અંગ્રેજી માધ્યમની શાળામાંથી એક વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવ્યાના સમાચાર સાથે શાળા આલમમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જાણવા મળ્યા અનુસાર આવતીકાલે એટલેકે તારીખ ૫ મી જાન્યુઆરીના રોજ શાળા બંધ રહેશે અને શિક્ષણની કામગીરી ઓનલાઇન ચલાવવામાં આવનાર છે. ત્યારે આગામી સુચના સુધી શાળાનો તમામ કાર્ય શાળાએ નોટિસ લગાવી જાણ કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળે છે.

## દાહોદના ગોધરા રોડ ઉપર રાત્રીના સમયે ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ ઉપર ગતરોજ રાત્રીના સમયે એક કાળમુખી ટ્રકે બાઈક ચાલકને અડફેટે લેતા ૧૯ વર્ષીય યુવકનું ઘટના સ્થળે કમાટી ભર્યું મોત નિપજતા પરિવારજનોમાં માતમ છવાયો હતો.

દાહોદ શહેરના ગોધરા રોડ ઉપર ગત રોજ રાત્રીના નવેક વાગ્યાના આસપાસ ગોધરા તરફ જતી ટ્રકે બાઈક ચાલકને અડફેટે લેતા બાઈકની પાછળ સવાર ૧૯ વર્ષીય ઓમ મહેશભાઈ રાયચંદને માથાના ભાગે કાળમુખી ટ્રકનું ટાયર ફરી વળતા યુવકનું ઘટના સ્થળે મોત નિપજતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. ટ્રક ચાલક ટ્રક મૂકી અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. તાત્કાલિક સ્થાનિક લોકોએ દાહોદ શહેર પોલીસનો સંપર્ક કરતા પોલીસ કાફલો ઘટના દોડી આવ્યો હતો. પરિવારજનો તેમના પુત્રની મોતને લઈને રોષે ભરાયા હતા અને ગાડીમાં તોડફોડ પણ કરી હતી તેમજ સ્તિથી વધુ વણશે નહી તે માટે નવનિયુક્ત એએસપી જગદીશ બાંગરવા દાહોદ એલસીબી દાહોદ એસઓજીની ટીમોનો કાફલો ગોધરા રોડ ખાતે ખડકી દેવામાં આવ્યો હતો. ત્યારે નવનિયુક્ત દાહોદના એએસપી જગદીશ બાંગરવા દ્વારા પરિવારજનોને સમજાવી આશ્વાશન આપતા કાળમુખી ટ્રકને ત્યાંથી ભારે જહેમત બાદ સ્ટાર્ટ કરી ઘટના સ્થળેથી હટાવી પોલીસ પ્રોટેકશન વચ્ચે ટ્રકને ટાઉન પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવી હતી અને મરણ જનાર યુવકના મૃતદેહને પીએમ માટે નજીકના સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આપ્યો હતો. પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

## ગરબાડાના પાંચવાડા પંચાયતની પાછળ મેડિકલ વેસ્ટ ફેંકાતા ખળભળાટ

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની પાંચવાડા ગામની ગ્રામ પંચાયતના ભવન પાછળ રાત્રિના સમયે મેડિકલ વેસ્ટનો ઢગલો કોઈ ફેંકી જતા ખળભળાટ મચી ગયો હતો. ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પંચાયત પર પહોંચતા જ મેડિકલ વેસ્ટનો ઢગલો જોવા મળતા જ અચરજ પામ્યા હતા. આ મેડિકલ વેસ્ટનો જથ્થો કોણ ફેંકી ગયુ ઈન્જેકશનમાં નાંખવામાં આવતા પાણીની વાયલ વર્ષ-૨૦૨૧ના જુન માસમાં એકસપાયર થતા જથ્થો જાહેર જગ્યા ઉપર ફેંકી દેવામાં આવ્યો હતો. આ જથ્થો સરકારી દવાખાનાનો છે કે પછી કોઈ ખાનગી વ્યકિત ત્યજી ગઈ છે તે તપાસનો વિષય છે.

## દે.બારીઆ શહેરના ભે દરવાજા વિસ્તારમાં પીવાના પાણીના વાલ્વની કુંડી ઉપર ઢાંકણ કયારે મુકાશે...?

દે. બારીઆ,

દે.બારીઆ શહેરના ભે દરવાજાના ત્રણ રસ્તે નગર પાલિકાના દ્વારા જે પીવાના પાણીનો પુરવઠો શહેરના અનેક વિસ્તારોમાં મુખ્ય પાણીની પાઈપનું વાલ્વ જે ભે દરવાજાના ત્રણ રસ્તા ઉપર આવેલો છે. તે વાલ્વની કુંડીમાં હાલમાં થોડા દિવસો અગાઉ એક બાઈક સવાર તે ખુલ્લી કુંડીમાં ખાબકયો હતો. ત્યાં ઉભેલા વ્યકિતઓના દ્વારા બાઈક સવારને કુંડી માંથી ઢાંકવા મદદરૂપ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ ભે દરવાજા વિસ્તાર તથા પાવાગઢ તરફ જવાના રોડ ઉપર ત્રણ રસ્તા ઉપર પીવાના પાણીની મોટી પાઈપ થી પાણી પુરવઠો આપવામાં આવે છે. તેના વાલ્વની કુંડી જે ખુલ્લી છે. જે પાંચ લાઈન ચાર ફુટની છે. જેમાં નાનું બાળક અકસ્માતે ખાબકે તો બચીના શકે તેટલી મોટી કુંડી ખુલ્લી છે. જેથી પાણી પુરવઠા વિભાગ આ કુંડી ઉપર ઢાંકણ તૈયાર છે તેને મુકવા માટે તજવીજ હાથ ધરે શું બીજા કોઈ બાઈક સવાર અથવા પાવાગઢ જતા યાત્રાળુ કોઈ આ કુંડીમાં ખાબકવાની રાહ જોઈ રહ્યા છે ? બનેલા તૈયાર આર.સી.સી.ના ઢાંકણ ક્યારે મુકવામાં આવશે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. દુર્ઘટના ટાળવા પાણી પુરવઠાના ઓર્વશીયલ કુંભકરણની નિંદ્રા માંથી જાગશે ખરા...?

## ધાનપુરના ડભવા ગામે ખેતરમાં તુવેર વીણતા ખેડુત પર દિપડાનો હુમલો

ધાનપુર,

ધાનપુર તાલુકામાં જંગલોની આસપાસ ગામડાઓમાં માનવ વસવાટ ધરાવતો ગ્રામ્ય વિસ્તાર છે. આ ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાઓ રહેણાંકોમાં અને ખેતરોમાં દિવસે પણ દિપડાઓ આવી ચઢતા હોય ત્યારે કયારેક પાલતુ પશુઓનો શિકાર કરતા હોય છે. તો કયારેક માનવ ઉપર હુમલો કરતા અચકાતા નથી. ડભવામાં ચંદુભાઈ બારીયા ખેતરમાં બપોરે તુવેર વીણી રહ્યા હતા દરમિયાન ધસી આવેલા દિપડાએ ચંદુભાઈ પર હુમલો કર્યો હતો. હુમલો કરત માથામાં અને ગળાના ભાગે ઈજાઓ પહોંચી હતી.

## દે. બારીઆ તાલુકાના દેગાવાડા ગામે માતાએ કોઈ અગમ્ય કારણોસર બે બાળકો સાથે કુવામા ઝંપલાતા ત્રણના મોત

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે રહેતી એક માતાએ બે બાળકો સાથે કોઈ અગમ્ય કારણોસર કૂવામાં ઝંપલાવતા ત્રણના મોત માતા તેમજ બાળકો કૂવામાં હોવાની જાણ થતા ગ્રામજનો દોડી આવ્યા અને ફાયરમેન દ્વારા ત્રણેય માતા-પુત્રીની લાશને બહાર કાઢતાંની સાથે ગમગીની છવાઈ પીયર માથી આવેલા પરિવારજનો પુત્રીના મોતને લઈ આક્રંદ કરતા પરિવારજનો પોલીસે ઘટના સ્થળે દોડી જય ત્રણેય ની લાસ ને પી.એમ.અર્થે મોકલી તપાસ હાથ ઘરી.



પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે ચોરાફળીયા મા રહેતા સંદિપભાઈ પ્રતાપભાઈ હરીજનના ૧૨ વર્ષ અગાઉ સાગટાળા ગામની મીનાક્ષીબેન સાથે લગ્ન થયા હતા અને તે પછી વસ્તારમાં એક પુત્ર અંદાજે ચાર વર્ષ અને એક પુત્રી જેની ઉમર અંદાજે સાત વર્ષ જે પછી આજરોજ મીનાક્ષી બેન દેગાવાડા ગામે તેની સાસરીમાં હતા અને સવારે ૮ વાગ્યાના અરસામાં પુત્રી અનસિયા ઉંમર વર્ષ ૭ અને પુત્ર ભાવિક ઉંમર વર્ષ અંદાજે ૪ નાને લઈ લાકડા લેવા જવું છું. તેમ કહી ઘરેથી નીકળેલ ત્યારે બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ઝાબીયાગામ અને નાની ખજુરી ગામની સીમમાં આવેલ ફુલસિંગ માના બારીઆના કૂવા પાસે મોબાઈલની રીંગ વાગતા આસપાસ ઢોર ચરાવતા ગોવાળિયાઓને મોબાઈલની રીંગ સંભળાતા તેઓએ જઈને જોતા કુવાની નજીકમાં મોબાઈલ તથા ચંપલ પડેલા હતા. તે વખતે મોબાઈલમાં ફોન આવતા ગોવાળિયાએ ફોન ઉપાડતા મીનાક્ષીના ઘરેથી કોઈકે પૂછેલ કે કહી છે કે કેમ નથી આવતી અને કયાં છે તેમ પૂછતા ગોવાળિયા એ જણાવેલ કે આ ફોન અને ચપ્પલ કુવાની બહાર પડેલ છે. તેમ જણાવતા મીનાક્ષીના પતિ સહીત તેના સાસરી પક્ષના પરિવારજનો સહિત આસપાસના ગ્રામજનો ત્યાં દોડી જઈ કુવામાં જોતા કોઈક દેખાયેલ નહીં જેને કુવામાં બિલાડી નાખતાં મીનાક્ષીની લાશ દેખાતા તાત્કાલિક દેવગઢ બારીઆ પાલિકાના ફાયરમેનને જાણ કરાતા તે ઘટના સ્થળે દોડી જઈ ફાયરમેન જોતા મીનાક્ષી સહિત તેની પુત્રી અન્સીયા અને પુત્ર ભાવિકની પણ લાશ મળી આવતા આ બનાવની જાણ દેવગઢ બારીઆ પોલીસ મથકે કરાતા પી.એસ.આઈ. સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ત્રણેય માતા પુત્ર-પુત્રીની લાશ બહાર કાઢી ત્રણેયની લાશને દે.બારીઆ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ માટે મોકલી અપાઈ હતી. ત્યારે આ બનાવને લઈ તેના પિયર પક્ષના પિતા,ભાઈ સહિત અન્ય પરિવાર પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવતા તેના પતિ તેમજ સાસરીપક્ષના પરિવારજનો બનાવની જગ્યાએ થી જતા રહેતા અનેક શંકા કુશંકા ઉભી થવા પામી હતી. ત્યારે આ સમાચાર લખાય ત્યાં સુધી આ બનાવની કોઈ ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી. ત્યારે પોલીસે પણ તેના સાસરિયાઓની તપાસ હાથ ઘરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મરણ જનાર મીનાક્ષીના પિયરમાં બનાવની તેના પિતા નવા સહિત પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પુત્રી સહિત બે બાળકોની લાશ કૂવામાં થી બહાર કાઢતા પરિવારજનો ચૌધાર આંસુએ રડી પડતા વલોપાત કરતા જાણે કાળજુ કંપાવી નાખે તેવા દ્રશ્યો સર્જાતાં અન્ય ગ્રામજનોની આંખો પણ ભીંજાઈ ગયેલી હોવાનું જોવા મળ્યું હતું.

મરણ જનાર મીનાક્ષી તેમજ તેના બે બાળકોના મોતને લઈ મીનાક્ષીના પિતાએ મીનાક્ષીના પતિ તેમજ તેના સાસરિયાંને સ્થળ પર બનાવવાની માંગ કરી હતી અને જ્યાં સુધી તે નહીં આવે ત્યાં સુધી ત્રણેયની લાશ અહીંથી નહીં હટાવવા દઈએ તેમ જણાવતા આખરે અન્ય ગ્રામજનો તેમજ પોલીસે દરમિયાનગીરી કરી ત્રણેયની લાશ દેવગઢબારીઆ સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી.

મરણ જનાર મીનાક્ષીના ભાઈએ જણાવ્યું કે, મેં સવારે ૯ વાગ્યાના અરસામાં મારા બનેવીને ફોન કરી તેને છાતીમાં દુખાવો થતો હોવાથી તબિયત આ અંગે પૂછવા ફોન કરેલો ત્યારે મીનાક્ષીના પતિ તેના ભાઈને જણાવેલ કે મીનાક્ષી વહેલી સવારે આઠ વાગે બે બાળકો સાથે ઘરેથી નીકળી છે. તે ત્યાં આવી છે મીનાક્ષીના ભાઈએ જણાવેલ કે મીનાક્ષી અહીં આવી નથી અને તેના ભાઈએ તરત જ ફોન કટ કરી મીનાક્ષીને ફોન કરતા મીનાક્ષીના મોબાઈલ ઉપર પચ્ચીસ થી ત્રીસ વાર ફોન કરવા છતાં પણ મીનાક્ષીએ ફોન ઉપાડેલ નહી. જેથી અવારનવાર ફોન બપોરના ત્રણ વાગ્યાના અરસામાં અન્ય કોઈ મહિલાએ ફોન ઉપાડે અને તે વખતે બાળકો નો અવાજ પણ આવતો ન હતો. ત્યારે કોણ બોલે છે તેમ પૂછતા ફોન કટ કરી નાખેલ છે અને તે પછી મીનાક્ષીના પતિએ બે થી અઢી વાગ્યાના અરસામાં મીનાક્ષીના ભાઈને ફોન કરી જણાવેલ કે મીનાક્ષીનો ફોન અને ચંપલ એક કુવાની બાજુ માંથી મળી આવેલ છે અને તે કૂવામાં હોવાનું જણાય છે. જેથી મીનાક્ષીના ભાઈએ તેના પિતા સહિત ગામના સરપંચની આ બનાવની જાણ કરતાં તે લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.115

# ગોધરા તાલુકાની પ૪ જર્જરીત ગ્રામ પંચાયતની કચેરીઓ નવિન બનાવવા મંજુરી

- ગોધરા તાલુકાની જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના નવા બિલ્ડીંગ માટેની માંગને આખરે મંજુરી મળી.
- પ૪ ગ્રામ પંચાયત કચેરી પ કરોડના ખર્ચે બનશે.




ગોધરા, પંચમહાલ જીલ્લાના મોટાભાગની ગ્રામ પંચાયત કચેરીના મકાનો વર્ષો જુના અને જર્જરીત હાલતમાં છે. તેમાં પણ ગોધરા કચેરીઓ અન્ય સ્થળો ઉપર ચલાવવામાં આવી રહી છે. પંચાયત કચેરીના મકાન માટે અવાર-નવારની રજુઆતો બાદ આખરે ગોધરા તાલુકાની પ૪ ગ્રામ પંચાયતના નવા બિલ્ડીંગ માટેની મંજુરી આપવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના સાત તાલુકાઓમાં મોટાભાગની ગ્રામ પંચાયત કચેરીઓ વર્ષો જુની અને જર્જરીત હાલતમાં છે. આવી ગ્રામ પંચાયતની કચેરીઓમાં તલાટી કમ મંત્રી બેસતા પણ ગભરાઈ રહ્યા છે. તેમાં પણ ગોધરા તાલુકાની પ૪ જેટલી ગ્રામ પંચાયતોની કચેરીઓ જર્જરીતે અને કન્ડમ હાલતમાં છે. આવી જર્જરીત ઈમારતોમાં કર્મચારીને કામ કરવામાં જીવનું જોખમ હોય જેને લઈ અવાર-નવાર ગ્રામ પંચાયત કચેરીના નવિન બિલ્ડીંગ માટે રજુઆતો કરવામાં આવતી હોય છતાં જર્જરીત પંચાયત કચેરીઓ ધરાવતી ગ્રામ પંચાયતના નવા બિલ્ડીંગના માટે ધ્યાન આપવામાં આવતું ન હતું. અગાઉ જાંબુઘોડા તાલુકા અને હાલોલ તાલુકાની ગ્રામ પંચાયતોના નવા પંચાયત ભવન બનાવવામાં આવ્યા હોય ત્યારે ગોધરા તાલુકાની ગ્રામ પંચાયતોમાં પંચાયત ભવન નવા બનાવવામાં ઓરમાર્યું વર્તન રાખવામાં આવતું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય સરકારના નવા પંચાયત મંત્રી દ્વારા ગોધરા તાલુકાની પ૪ ગ્રામ પંચાયતોના પંચાયત ભવન માટે મંજુરી આપવામાં આવી છે અને પ૪ ગ્રામ પંચાયત ભવનનું બાંધકામ મનરેગા યોજના અંતર્ગત રૂા.પ૧૧.૮૩ લાખના ખર્ચે કરવામાં આવશે અને ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી પૂર્ણ કરવામાં આવશે.

### ગોધરા તાલુકાની નવી ગ્રામ પંચાયત ભવનની મંજુરી મળી

૧. ઈસરોડીયા, ૨. મોતાલ, ૩. વડેલાવ, ૪. બખ્ખર, પ. વિંઝોલ, ૬. જાફરાબાદ, ૭. વેંરૈયા, ૮. વટલાવ, ૯. ભામૈયા (પ), ૧૦. રણછોડપુરા, ૧૧. લાડપુર, ૧૨. ગઢ ચુંદડી, ૧૩. જીતપુરા, ૧૪. હરકુંડી, ૧પ. ધનોલ, ૧૬. ચંચેલાવ, ૧૭. ગોલી, ૧૮. વેલવાડ, ૧૯. પીપલીયા (પૂર્વ), ૨૦. જાલીયા, ૨૧. ઓડીદ્રા, ૨૨. ભલાણીયા, ૨૩. તોરણા, ૨૪. નવાધરા, ૨પ. જુનીધરી, ૨૬. કરસાણા, ૨૭. વાવડીખુર્દ, ૨૮. કોટડા, ૨૯. પરવડી, ૩૦. વેગનપુર, ૩૧. ધોળી, ૩૨. નાકરેજી, ૩૩. દરૂણીયા, ૩૪. ભમરાના મુવાડી, ૩પ. જુના મોર ડુંગરા, ૩૬. ખજુરી (ન), ૩૭. જોડકા, ૩૮. પોપટપુરા, ૩૯. નાની કાંટડી, ૪૦. ટીંબા ગામ, ૪૧. બેટીયા, ૪૨. એરંડી, ૪૩. ગુસર (ન.વ), ૪૪. છાવડ, ૪પ. ચાંચપુર, ૪૬. કબીરપુર, ૪૭. કેવડીયા, ૪૮. ચંચોપા, ૪૯. છારીઆ, પ૦. રતનપુર (રે), પ૧. છબનપુરા, પ૨. રાયસીંગપુરા, પ૩. નસીરપુર (છ), પ૪. ઓરવાડા.

# પંચમહાલ જીલ્લામાં વધુ ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણ તેજીથી વધી રહ્યું છે. આજરોજ જીલ્લામાં ૨૬ કોરોના પોઝીટીવ કેસ સાથે જીલ્લામાં એકટીવ દર્દીની સંખ્યા ૪૬ સુધી પહોંચતા જીલ્લા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના ટેસ્ટીંગ વધારવામાં આવ્યું છે.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા લાંબા સમયથી કોરોના કેસમાં ઘટાડો થતાં લોકો કોરોના પ્રત્યે બેદરકાર બન્યા હતા પરંતુ હાલ દેશ અને રાજ્યમાં કોનાો કેસ વધી રહ્યા છે. તેમ જોતાં રાજ્ય સરકાર દ્વારા લોકોના કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ રાખવા અપીલ કરવામાં આવી રહી છે. તેની વચ્ચે પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓમાં સતત બીજા દિવસે ઉછાળો આવ્યો છે. આજરોજ બુધવારે જીલ્લામાં ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૨૧, હાલોલ-૦૪, ગોધરા (ગ્રા)-૦૧ દર્દીઓ કોરોના પોઝીટીવ આવ્યા છે. પંચમહાલ જીલ્લામાં જે ગતિથી કોરોના સંક્રમિત દર્દીઓ નોંધાવા પામી છે. તેને જોતાં વેકસીન લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આજરોજ જીલ્લામાં ૧૮ વર્ષથી ઉપર થી ૭૩૬પ વ્યકિતને કોરોના વેકસીનનો પ્રથમ અને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું. જ્યારે જીલ્લામાં ૧પ વર્ષ થી ૧૮ વર્ષ નીચેના ૨૬૯૨ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના દર્દીઓને જોતા આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ વધારવા ઉપર ભાર મુકવામાં આવ્યો છે.

**પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ કોરોના કેસ**

ગોધરા - ૨૧
હાલોલ - ૦૪
ગોધરા (ગ્રામ્ય) - ૦૧

# શહેરા ના.મામલતદારે પુરતુ અનાજ ન મળવાની બુમોને લઈ ૧૦ સસ્તા અનાજની દુકાનનું ચેકીંગ કર્યુ

શહેરા, શહેરા મામલતદાર કચેરીના પુરવઠા નાયબ મામલતદાર દ્વારા તાલુકા ના ગ્રામિણ વિસ્તારમાં આવેલ સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોને પૂરતો અનાજનો જથ્થો મળે છે કે, નહીં તે માટે તપાસ હાથધરી હતી. પુરવઠા નાયબ મામલતદાર દ્વારા ૧૦ સસ્તા અનાજની દુકાનોમાં ઓચિંતી તપાસ કરતા અન્ય સસ્તા અનાજની દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

શહેરા નગર અને તાલુકામાં ૯પ જેટલી સસ્તા અનાજની દુકાનો આવેલી છે. અમુક સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર અનાજનો જથ્થો પૂરતો નહી મળતો હોવાની બૂમો ઉઠવા પામી હતી. મામલતદાર પૂર્વેશ ડામોર ની સૂચનાથી પુરવઠા શાખાના નાયબ મામલતદાર સતિષભાઈ ડામોર દ્વારા તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં આવેલ ઊંજડા, પસનાલ સહિત કુલ દસ જેટલી સસ્તા અનાજની દુકાનોમાં ઓચિંતી તપાસ હાથધરી હતી. જોકે પૂરવઠા નાયબ મામલતદાર દ્વારા સસ્તા અનાજની દુકાનોમાં ઓચિંતી તપાસ દરમિયાન અમુક નિયમોનું પાલન નહી થતું જોવા મળતા તેઓ દ્વારા આ મામલે નિયમોનુસારની કાર્યવાહી હાથધરી હતી. રેશનકાર્ડ ધારકોને સસ્તા અનાજની દુકાનોમાં કેટલું અનાજ મળવા પાત્ર હોય તેમજ સ્ટોક અને ભાવ પત્રક બોર્ડ પર લખવુ અત્યંત જરૂરી હોય ત્યારે આવનાર દિવસોમાં પુરવઠા નાયબ મામલતદાર સતીષ ડામોર દ્વારા સસ્તા અનાજની દુકાનોમાં નિયમોનું ચુસ્તપણે પાલન થાય અને રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર પૂરતો જથ્થો મળે છે કે નહીં તે માટે એક ટીમ બનાવીને ઓચિંતી તપાસ સાથે કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. નગર અને તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં આવેલ સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોના હિત માટે જિલ્લા કલેકટર દ્વારા એક ટીમ બનાવીને રેશનકાર્ડ ધારકોને કેટલું અનાજ અને કેરોસીનનો જથ્થો મળે છે તે માટે ક્રોસ વેરીફાઈ કરવામાં આવે તેવી લોકમાંગ પણ જાગૃત નાગરિકો માંથી ઉઠવા પામી હતી.

# કાલોલ મોકળ પ્રાથમિક શાળામાં કાનોડ કેન્દ્રવર્તી પ્રાથમિક શાળા સાથે ટ્વીનિંગ પ્રોગ્રામ વર્ચ્યુઅલ માધ્યમથી યોજવામાં આવ્યો



કાલોલ, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની મોકળ પ્રાથમિક શાળામાં શિક્ષણ વિભાગના પરિપત્ર અનુસંધાને તારીખ પ/૦૧/૨૦૨૨ના રોજ મોકળ અને કાનોડ કેન્દ્રવર્તી પ્રાથમિક શાળાનો ઓનલાઇન વર્ચ્યુઅલ ટ્વીનિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ટ્વીનિંગ પ્રોગ્રામ નો મૂળભૂત આશય શાળાઓ વચ્ચે સુસંગત શિક્ષણ માટે પરસ્પર જોડાણ થાય અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વચ્ચેના વિવિધ અનુભવો વિચારો અને જ્ઞાનની શ્રેષ્ઠ આપ-લે થાય તે અંતર્ગત માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી બંને શાળાઓ એકબીજા સાથે જોડાઈ હતી જેમાં યજમાન મોકળ શાળા દ્વારા ધોરણ ૬ થી ૮ ના બાળકો દ્વારા સમુહપ્રાર્થના તથા સ્ટાફગણ પરિચય કરવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ગખંડની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી ઓનલાઈન શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાનો પરિચય, શાળા લાયબ્રેરી, પ્રયોગશાળા, કિચનશેડ, શાળા સ્વચ્છતા, પાણીની સુવિધા, બુલેટિન બોર્ડ અને ગામના જાહેર તથા ધાર્મિક સ્થળો તેમજ શાળાની વિવિધ સુવિધાઓ, શાળામાં ચાલતી વિવિધ શૈક્ષણિક, સર્જનાત્મક તેમજ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનુ માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી બાળકોને પ્રદર્શન તથા મુલાકાત કરાવવામાં આવી. અંતે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં રાસ-ગરબા, કવિતા, લોકગીત,ઉખાણા, ક્વિઝ વગેરે યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમ અનુસંધાને બાળકોમાં ખૂબજ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. બાદમાં શાળાના આચાર્ય નરેન્દ્રકુમાર પટેલ એ સમગ્ર આયોજનના સફળ સંચાલન કરતા ધોરણ ૬ થી ૮ના શિક્ષક મિત્રોને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવી હતી.

# કાલોલ તાલુકાના ડેરોલ-જંત્રાલના પાવર સપ્લાયના સમયમા જાણ બહાર ફેરફાર થતાં ખેડુતો MGVCL કચેરીએ પહોંચી લેખિત રજુઆત


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ખેતીવાડી વિભાગ માટે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ખેડૂતોને ખેતીવાડી માટે છેલ્લા ઘણાં સમયથી સરકારની સૂર્યોદય યોજના દ્વારા ઘણા સમયથી દિવસ દરમિયાન વીજ પુરવઠો આપવામાં આવતો હતો. પરંતુ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ અચાનક ખેડૂતોની જાણ બહાર રાત્રિના સમયે પાવર સપ્લાય કરી દેતા ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય એ છે કે, મોટાભાગના ખેડૂતોના વીજ કનેક્શનના મીટર પર ઓટોસ્વીચ લગાવવામાં આવતી હોય છે. જેક ઓટોસ્વીચ ચાલુ રહી જતા કેટલાક ખેડૂતોની પાણીની મોટર ચાલુ થઈ જતા ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા. જેના કારણે અચાનક વીજ પુરવઠામાં ખેડૂતની જાણ બહાર ફેરફાર થઈ જતા ખેડૂતો ચિંતામાં પડી ગયા હતા. કેટલાક ખેડૂતોને રજૂઆત હતી કે, જો સરકાર દ્વારા સૂર્યોદય યોજના પ્રમાણે વીજ પાવર મળે તેવી માંગ છે. તદુપરાંત કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં હિંસક પ્રાણીઓનો ભય હોવાથી કારણે ખેડૂતોને દિવસ દરમિયાન જાનહાનિ થી બચી શકાય તેમ છે. જેના પગલે કાલોલ તાલુકાના ડેરોલગામ અને જંત્રાલના ખેડૂતો કાલોલ મધ્ય ગુજરાત વીજ કંપની ખાતે દોડી ગયા હતા. કાલોલ વીજ કંપની ખાતે પહોંચી લેખિત રજૂઆત દ્વારા સમય સર વીજ પુરવઠો મળી રહે તે માટે લેખિત રજૂઆતો કરી હતી.

# પંચમહાલ જિલ્લામાં ધો-૮/૯ પછી શિક્ષણ છોડી દીધુ હોય તેવા વિદ્યાર્થીઓનો સર્વે કરાશે

ગોધરા, પંચમહાલ જિલ્લામાં ધો-૮ સુધીનુ શિક્ષણ નહિ મેળવનાર, અધવચ્ચેથી શાળા છોડી ગયેલા, કદી શાળાએ નહિ ગયેલા તેમજ ધો-૮/૯ પછી શિક્ષણ છોડી દીધુ હોય અને ધો-૧૨ સુધીનુ શિક્ષણ પુર્ણ કર્યુ નથી.

તેવા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને શિક્ષણ પુર્ણ કરાવવા માટે સર્વે હાથ ધરવામાં આવશે. તા.૭/૦૧ થી તા.૨પ/૦૧ સુધી આ સર્વે પ્રક્રિયા કરાશે. રાઈટ ટુ એજ્યુકેશન એકટ મુજબ ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકોને ધો-૧ થી ૮નુ ફરજીયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે. જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી અને સમગ્ર શિક્ષાના જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર તરફથી નાગરિકોને જો તેમની આસપાસ ૬થી ૧૮ વર્ષની વયજુથનુ કોઈ બાળક કયારેય શાળાએ ગયુ ન હોય, અધવચ્ચેથી શાળા છોડી દીધી હોય, દિવ્યાંગતાના કારણે શાળામાં ગયુ ન હોય, ધો-૧૨ સુધીનો અભ્યાસ પુર્ણ કર્યા વિના અભ્યાસ છોડી દીધો હોય તો તેવા બાળકની વિગત નજીકની સરકારી પ્રાથમિક શાળામાં જણાવવા વિનંતી કરાઈ છે.

# કાલોલના જંત્રાલ ગ્રામ્ય વિસ્તારમાં દિપડો જોવા મળતા ખેડુતોમાં ભય

કાલોલ, કાલોલ તાલુકાના જંત્રાલ ગ્રામ્ય વિસ્તારોની સીમમાં પાછલા દસ-બાર દિવસથી રાત્રિના સુમારે ખેતરમાં પાણી મુકવા જતા ખેડુતોને જંગલી દિપડો જોવા મળતા ખેડુતો ભયભીત થયા છે.

કાલોલ તાલુકાના ઉત્તરીય વિસ્તારમાં ભુખી, સુરેલી અને વ્યાસડા પંચાયત વિસ્તારના નાના મોટા ડુંગર હોવાથી આ વિસ્તારમાં દિપડાઓ વસવાટ કરે છે. પરંતુ સમા-જંત્રાલ વિસ્તાર ખુલ્લો હોવાથી જંગલી હિંસક પશુઓ વસવાટ કરતા નથી અને જોવા પણ મળતા નથી. તેમ છતાં ઘણીવાર દિપડાઓ શિકારની શોધમાં રખડતા તાલુકાના ઉત્તર ભાગમાંથી દક્ષિણ ગોમા નદી તટ વિસ્તારમાં પહોંચી જાય છે. જે અંતર્ગત તાજેતરમાં જંત્રાલ વિસ્તારમાં રાત્રે દિપડો ફરતો હોવાની લોકબુમને પગલે ખેડુતોમાં ગભરાટ ફેલાયો છે. જેના પગલે મોડી સાંજે સીમમાં જવાનુ અને રાત્રિના સુમારે ખેતરોમાં પાણી મુકવાનુ પણ ટાળી દીધુ છે. અત્રે સ્થાનિક નાગરિકોએ દિપડાના ભય અંગે વવિભાગને જાણ કરતા વનવિભાગના કર્મચારીઓએ હરકતમાં આવી દિપડાના સગવડને આધારે દિપડાને પકડવા માટે સીમમાં પાંજરૂ ગોઠવવામાં આવ્યુ છે. પરંતુ હજુ સુધી દિપડો પાંજરે પુરાયો નથી ત્યાં સુધી ખેડુતોમાં ફફડાટ ફેલાયો છે. જેથી ચાલુ અઠવાડિયે એમજીવીસીએલ વિભાગ દ્વારા ખેતીવાડીનો વીજ પુરવઠો રાત્રિના સુમારે અપાતા હોવાથી દિપડાના ભયના ઓથારને કારણે તંત્ર દ્વારા દિવસે વીજળી આપવાની ખેડુતોએ માંગ કરી છે.

# ગોધરાના નદીસર મહાજન ઈંગ્લીશ સ્કુલમાં ૧પ થી ૧૮ વર્ષના ૨૩૦ વિદ્યાર્થીઓને વેકસીન અપાઈ



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર, ગોધરા તાલુકાના નદીસરની મહાજન ઈંગ્લીશ સ્કુલ ખાતે કોરોના પ્રતિરોધક વેક્સિન અભિયાન અંતર્ગત ૧પ થી ૧૮ વર્ષની વય ધરાવતા ૨૩૦ વિદ્યાર્થી ભાઈઓ- બહેનોને નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વય મુજબની પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર વેક્સિનેશનમાં ભાગ લીધો હતો. આ અભિયાન અંતર્ગત નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. દિલીપ માછી, હાઈસ્કુલના આચાર્ય એમ.એમ. રણા સહિત શાળાના શિક્ષકોએ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને વેક્સિન લેવા અંગેની ગંભીરતા તેમજ અગત્યતા વિશે પણ સમજ આપી હતી.

# કાલોલના ઝેરના મુવાડા ગામેથી ૩૩ હજારના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી પોલીસ

કાલોલ, કાલોલ તાલુકાના ઝેરના મુવાડા ગામે કેનાલ પાસે રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૩૩,૭૬પ/-રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના ઝેરના મુવાડા ગામે કેનાલ પાસે રહેતા સંદિપ પ્રતાપભાઈ રાઠોડ પોતાના રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ અને બીયરની બોટલો મળી કિંમત ૩૩,૭૬પ/-રૂપીયાનો મુદ્દામાલ સાથે સંદિપ રાઠોડને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# વડોદરા ખાતે યોજાયેલ બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં શહેરના યુવાનોએ ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી નામ રોશન કર્યુ



ગોધરા, વડોદરા ખાતે આવેલ દાંડિયા બજાર ખાતે હાલમાં સયાજી ક્રીડા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજાયેલ વડોદરા ડીસ્ટ્રકટ જુનિયર બોડી બિલ્ડિંગ અને ફિટનેસ ચેમ્પિયનશીપમાં અલગ અલગ વજન પ્રમાણે સ્પર્ધામાં યોજવામાં આવી હતી. જેમાં ૬પ થી ૭૦ કિલો વજન શ્રેણીમાં ગોધરા શહેરના સાગર સોલંકીએ ગોલ્ડ મેડલ અને ૬૦ થી ૬પ કિલો વજન શ્રેણીમાં રાહુલ વણઝારાએ સિલ્વર મેડલ મેળવી સ્પર્ધામાં ગોધરા શહેરનું નામ અંકિત કર્યું હતું, જેમાં સાગર સોલંકી નામના યુવાને ગોલ્ડ મેડલ અને રાહુલ વણઝારા નામના યુવાને સિલ્વર મેડલ મેળવ્યો હતો. બંને યુવાનો મિસ્ટર ગુજરાત રહી ચૂકેલા વિશાલ જયસ્વાલ અને મયુર જયસ્વાલના નેજા હેઠળ એકદંત ફિટનેસ સેન્ટર ખાતે ફિટનેસની પ્રેક્ટિસ કરે છે.